CITY Heart

email: citypulse@gujaratmitra.in

ગુજરાતમિત્ર

શુક્રવાર ૧૭ જુલાઈ, ૨૦૨૬

સુરતીઓને સુરતમાં જ કશે ફરવું હોય તો ડુમસ દરિયા કિનારો, અહીંના કાફે, આજુબાજુના રિસોર્ટ કે પછી ઉભરાટ કે સુવાલી બીચ જતાં હોય છે. આ જગ્યાઓ ભીડભાડવાળી હોવાને કારણે અહીં શાંતિનો અહેસાસ તો નથી થતો. પણ શું તમને ખબર છે કે કોઈને એકાંતમાં ફરવું હોય કે પછી પોતાની મનગમતી વ્યક્તિ સાથે શાંત વાતાવરણમાં રહેવું હોય તો એવા હિડન પ્લેસીસ પણ સુરતમાં છે જે હવે સોશ્યલ મીડિયાના જમાનામાં લોકોની નજરમાં આવવા લાગ્યાં છે. આ એવી જગ્યાઓ છે જે કુદરતની ઘણી નજીક, ભીડભાડથી દુર , કુદરતી સૌન્દર્યથી ભરપૂર અને જ્યાં બોટની આવનજાવન જોવાની મજા આવી જાય છે. એક સ્થળ તો એવું પણ છે જ્યાં તળાવ પણ છે અને ઘનિષ્ઠ જંગલ પણ છે ત્યાં મોર અને બીજા પક્ષી પણ જોવા મળે છે. સુરતના આ હિડન પ્લેસીસ પર આ લેખના માધ્યમથી એક લટાર મારીએ...

ભીડથી દૂર અને શાંતિની શોધ સુરતના હિડન પ્લેસીસનો વધતો ક્રેઝ

1

જિંજર અથવા ટંકી ઓવારો સૂર્યાસ્ત માટે ફેમસ

પીપલોદમાં જિંજર ઓવારો જેને ટંકી પણ કહેવાય છે ત્યાં રવિવારની બપોરે Gen-Zને શાંતિનીનો અહેસાસ થાય છે. આ જગ્યા પણ હજી બહુ બધા લોકોની નજરમાં નથી આવી. અહીં યંગસ્ટર્સ સનસેટ પોઈન્ટની ફોટોગ્રાફી, રીલ્સ બનાવે અને અમુક ગેમ્સ રમતા હોય છે. અહીં તો રેડિયો લઈને ગીતો સાંભળતા એકલ દોકલ વ્યક્તિઓ જોવા મળી જાય. અત્યારે વરસાદમાં નદીનો નજારો રમ્ય લાગે છે. મિત્રો સાથે થોડો શાંત સમય વિતાવવા આ જગ્યા ધીરે ધીરે લોકોના નજરમાં વસવા લાગી છે. આ ઓવરો પહેલા નદી કાંઠાના ઉપયોગ માટે બનાવવામાં આવ્યો હતો. આજે અહીં કેટલાંક લોકો ફરવા આવતા હોય છે. સુરતની નવી ઓળખ તરીકે આ ઓવારો ઉભરી આવી રહ્યો છે.

2

બોટ ડોક બીચ શાંત, સુંદર અને અજાણ્યો દરિયાકિનારો

આ શાંત અને સુંદર સ્થળ એરપોર્ટથી માત્ર 5-6 મિનિટના અંતરે આવેલું છે. અહીં બોટ અને જહાજોનો નજારો જોવા મળે છે. સુરતના હિડન પ્લેસીસમાં આ બીચનો પણ સમાવેશ થાય છે. સામાન્ય કહી શકાય એવા ડુમસ બીચની સરખામણીમાં આ જગ્યા શાંત અને ઓછી ભીડભાડ વાળી જગ્યા છે. અહીં યંગસ્ટર્સ સાંજના સમયે સૂર્યાસ્તનો નજારો જોવા અને ફોટોગ્રાફી અને રિલ્સ બનાવવાની મજા લેતા હોય છે. ઘણા યંગ કપલ્સ અહીં થોડો સમય શાંતિપૂર્ણ માહોલમાં વિતાવવાનું પસંદ કરે છે. અહીં લાંગરવામાં આવતી બોટમાં બેસીને ફોટો પડાવવાની અલગ મજા છે. અહીં બાઈક કે કાર દ્વારા પહોંચી શકાય પણ તમારે ત્યાં કલાકો ગાળવા હોય તો સાથે પાણી અને નાસ્તો લઈને જવું પડે કેમકે આ સુવિધાઓ હજી અહીં નથી ઉભી થઈ.

યુનિવર્સીટીના કેમ્પસમાં સ્થિત તળાવની આસપાસ મોર નૃત્ય કરતા હોય

VNSGUના સૂત્રો પાસેથી મળેલી માહિતી પ્રમાણે અહીં બે તળાવ છે. ઈંગ્લીશ ડિપાર્ટમેન્ટ પાસે મોટું અને અન્ય એક તળાવ નાનું છે. અહીં તળાવની આસપાસ 6 એકર જગ્યામાં ઘનિષ્ઠ જંગલ બનાવાયું છે. 2004-05 માં નક્ષત્ર વન અને ત્યારબાદ તળાવ બનાવાયું હતું. તળાવનું સૌંદર્ય અને નીરવ શાંતિ સુકુન આપનારા છે. Gen-Zનું આ ધીરે ધીરે ફેવરિટ સ્થળ બની રહ્યું છે. અહીં તેઓ મિત્રો સાથે બેઠા હોય છે. જોકે, ઘણા સુરતીઓને આ તળાવ વિશે ઓછી માહિતી છે. તળાવ પાસેનું ફોરેસ્ટ બોટની વિષયના વિધાર્થીઓ માટે વિવિધ વનસ્પતિઓના અભ્યાસ અને પ્રાણીશાસ્ત્રના વિદ્યાર્થીઓ માટે ખિસકોલી, પતંગિયા, ઉદરનો અભ્યાસ કરવા માટેની નેચરલ લેબ છે. આ તળાવ પાસે 14થી 15 મોર દેખાતા હોય છે. કોઈ મોર નૃત્ય કરતા પણ દેખાઈ જાય છે. વરસાદમાં આ તળાવનું સૌંદર્ય સોળે કળા ખીલી ઉઠે છે.

3

ઐતિહાસિક મહત્ત્વ ધરાવતો ડંકા ઓવારો

ડંકા ઓવારાનો એક સમૃદ્ધ ઈતિહાસ રહ્યો છે. તાપી નદી અને અરબી સમુદ્રના સંગમ સ્થાને આવેલા આ કાંઠેથી દેશ-વિદેશનો વેપાર વહાણોમાં થતો, ત્યારે અહીં વહાણોના આવાગમન અને સુરક્ષા માટે ચોક્કસ ડંકા વગાડીને સંકેત આપવામાં આવતો એટલે તે ડંકા ઓવારા તરીકે ઓળખાયો. જ્યાં તાપી નદી અરબી સમુદ્રને મળે છે તેવા ડુમસ દરિયા કિનારાથી થોડે દૂર આવેલા લોકોની ઓછી આવનજાવનવાળા આ શાંત સ્થળ પર સાંજે સૂર્યાસ્તનો તથા એકાંતમાં બેસીને બોટની આવનજાવનનો નજારો ખૂબ નયનરમ્ય લાગે છે. શાંતિની ક્ષણો વિતાવવા માંગતા સુરતીઓ અહીં આવતા હોય છે. અહીં બોટિંગ પણ થઈ શકે છે. આ જગ્યાનું ઐતિહાસિક મહત્ત્વ રહ્યું હોવા છતાં આજના સુરતીઓની આ સ્થળ પર ઓછી નજર પડી છે એટલે જ કદાચ તેનું કુદરતી સૌંદર્ય હજી પણ જળવાયેલું છે.

4

ટ્રિપ માટે ટિપ્સ

- સફાઈ જાળવો કચરો ન નાખો
- ફેમિલી સાથે સમય માણો
- સુંદર સ્થળોને કેમેરામાં કેદ કરો
- પ્રકૃતિનો આનંદ લો અને તેને સાચવો

સૂર અને સંગીતના શોખીનો માટે નવું ડેસ્ટિનેશન

શહેરમાં કરાઓકે સ્ટુડિયોનો ક્રેઝ વધ્યો

મજ્જેની LIFE

લોકો અત્યાર સુધી પોતાના ઘરમાં કે ગાર્ડનમાં કરાઓકે પર સુર રેલાવતા હતા. સુરતીઓમાં પાર્ટીઝ, સોશ્યલ ગેધરિંગ્સ વિ.માં કરાઓકેનો ટ્રેન્ડ ખાસ્સા વર્ષોથી દેખાઈ રહ્યો છે. આ ટ્રેન્ડ અને સુરતીઓના શોખને ધ્યાનમાં રાખી હવે સુરતના સીટીલાઈટ, વેસુ અને પાલ જેવા પોશ એરીયામાં કરાઓકે સ્ટુડિયોઝ ખૂલ્યા છે. અહીં એક એક્સપર્ટ પણ હાજર હોય છે, જે ગાવાના શોખિન સુરતીઓને કરેક્શનમાં મદદ કરે છે. આવા સ્ટુડિયોઝ પાર્ટીઝ, ઈવેન્ટસ ગેધરિંગ કરવા માટે પણ એકદમ ઈન છે. તો આજે 17 જુલાઈએ જ્યારે વિશ્વ કરાઓકે દિવસ આવે છે, ચાલો જાણીએ અને માણીએ આ કરાઓકે સ્ટુડિયોઝને....

35થી 55 વર્ષની વય જૂથના લોકોમાં સ્ટુડિયોનો ક્રેઝ

કરાઓકે સ્ટુડિયોમાં 35થી 55 વર્ષની વય જૂથના લોકો પોતાના સિંગિંગને વધુ બહેતર બનાવવા અને સ્ટેજ પર ગાવાની તૈયારી કરવા માટે ખાસ આવે છે. અહીં આવતા સભ્યોની પહેલી પસંદ 70થી 90ના દાયકાના જૂના ક્લાસિક, જેમ કે આર.ડી. બર્મન, કિશોરકુમાર અને મોહમ્મદ રફીના સદાબહાર ગીતો હોય છે.

ઉદ્યોગપતિ અનિલભાઈ પટેલે ઘરે બનાવ્યો ભવ્ય કરાઓકે સ્ટુડિયો

સુરતના સિટી લાઈટ વિસ્તારમાં ટેક્સટાઈલ બિઝનેસ સાથે જોડાયેલા અનિલભાઈ પટેલે પોતાના જ ઘરમાં કરાઓકેના શોખીનો માટે એક અનોખી ભેટ તૈયાર કરી છે. સંગીતના અનહદ શોખીન અનિલભાઈએ પોતાને કરાઓકેનો ખૂબ શોખ હોવાથી પોતાની બિલ્ડિંગમાં જ ૧૨૦૦ સ્ક્વેર ફીટની વિશાળ જગ્યામાં એક ભવ્ય અને અત્યાધુનિક સ્ટુડિયો બનાવ્યો છે. બર્થ-ડે પાર્ટી અને અન્ય ખાસ પ્રસંગો માટે ભાડે આપવામાં આવે છે, જ્યાં સંગીતપ્રેમીઓને તમામ હાઈ-ટેક સિસ્ટમ અને સાધનોનો લાભ મળે છે.

બર્થડે-કિટી પાર્ટીથી લઈને મેરેજ ફંક્શન સુધી કરાઓકેનો ટ્રેન્ડ

હવે માત્ર સ્ટુડિયો પૂરતું જ સીમિત નથી રહ્યું લગ્ન પ્રસંગો જેવા કે સંગીત સંધ્યા અને રિસેપ્શનમાં પણ સ્પેશ્યિલ કરાઓકે ટ્રેક પ્લાન કરવામાં આવે છે. પ્રોફેશનલ સિંગર્સની જેમ જ યોજાતી આ ઈવેન્ટ્સ માટે ૧૫,૦૦૦થી ૨૦,૦૦૦ સુધીનું ભાડું વસૂલવામાં આવે છે, જેમાં સારા સિંગર્સ કરાઓકેના તાલે મહેમાનોને મંત્રમુગ્ધ કરે છે.

સિંગિંગ એક્સપર્ટ સુધારે છે ગાયકી

એક કરાઓકે સ્ટુડિયોના સંચાલિકા નિકી ચોક્સીના જણાવ્યા અનુસાર, ઘર કે ગાર્ડનમાં ગાતી વખતે ભૂલો સુધારી શકાતી નથી, પરંતુ કરાઓકે સ્ટુડિયોમાં હાજર એક્સપર્ટ્સ સિંગિંગમાં કરેકશન કરીને પરફેક્ટ સૂરમાં ગાતા શીખવાડે પણ છે.

કલાકના ધોરણે મળે છે સ્ટુડિયો

આ કરાઓકે સ્ટુડિયો રેન્ટ પર પણ મળે છે. કલાકના રૂ.૧,૦૦૦ જેવા ચાર્જીઝ હોય છે. બર્થડે પાર્ટી, કિટી પાર્ટી કે બોલિવુડ નાઈટ જેવા આયોજનો માટે આ સ્ટુડિયોઝ ખાસ્સા પોપ્યુલર છે. સ્ટુડિયો સંચાલકો દ્વારા સામાન્ય રીતે પ્રતિ સભ્ય બે સોંગ ગાવાની છૂટ આપવામાં આવે છે અને ભાડે લેનારાઓ પોતાના મહેમાનોને પણ સાથે લાવી શકે છે. આ ઉપરાંત, દર મહિને ખાસ ઈવેન્ટ્સ અને કોમ્પિટિશન પણ યોજાય છે.

કરાઓકેના શોખે હાઇ-ટેક સ્ટુડિયોનું નિર્માણ કરાવ્યું

હસમુખ પટેલ અને એમના મોટા ભાઈ મહેશ પટેલ બે દાયકા ઉપરાત સમયથી કરાઓકેને લગતી પ્રવૃત્તિઓ સાથે જોડાયેલા છે. હસમુખભાઈને 2024માં કરાઓકેનો એવો શોખ વળગ્યો કે મોટી જગ્યા લઈ લાઈટિંગ, પ્રોજેક્ટર અને હાઈફાઈ સાઉન્ડ સિસ્ટમ સાથેનો કરાઓકે સ્ટુડિયો જ ચાલુ કરી દીધો. કરાઓકે ટ્રેક પર ગાવાના શોખીનો આ સ્ટુડિયો બુક કરાવે છે. કેટલાંક વળી આખા દિવસ માટે બુક કરીને પોતે કરાઓકે ટ્રેક પર ગાયેલા ગીતોનું વિડિઓ શૂટિંગ પણ કરાવે છે.